**ઝઘડીયાના મે.એડી.ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.ઝઘડીયા,જી.ભરૂચ**

ફોજદારી કેસ નં.૯૬૮/૨૬

શ્રી સરકાર .......ફરીયાદી

વિરુધ્ધ

સંગીતાબેન મૈલીકભાઈ બારોટ,

રહે.દધેડા, તા. ઝઘડીયા, જી.ભરૂચ ..........આરોપી

આરોપ :– બી.એન.એસ કલમ–૨૮૫ મુજબ

**–:: ઠરાવ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ બનાવના દિવસે પોતાના કબજા વાળુ ગલ્લો/દુકાન જાહેર જનતાને અડચણરૂપ થાય તે રીતે મુકી મળી આવી બી.એન.એસની કલમ–૨૮૫ મુજબનો ગુનો કરેલ છે. આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૨) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય આરોપીએ અદાલત સમક્ષ પારાવારપસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છુ. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમા સજાનું પ્રમાણ, આરોપીની રજૂઆત,તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસની કલમ–૨૭૫ મુજબ બી.એન.એસની કલમ–૨૮૫ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એક સો પુરા) સંયુકત દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ–૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪–૦૩–૨૦૨૬
સ્થળ : ઝઘડીયા

**(ઈ.આર.ક્ષત્રિય)**
પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ અને
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ઝઘડીયા
( જજ કોડ–જીજે૦૧૧૯૭ )

**પાવતી નં..................**

**દંડ રૂપીયા.................**

**તારીખઃ– ૧૪/૦૩/૨૦૨૬**

**નાઝર ચીફ કોર્ટ,ઝઘડીયા**